# આઈઆઈએમએ એ તેના ઓપન લર્નિંગ પ્લેટફોર્મ - ઑનલાઇન@આઈઆઈએમએનો શુભારંભ કર્યો

*~ આ પોર્ટલ સમગ્ર વિશ્વમાં વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ માટે પ્રારંભિક સ્તર ઉપરાંત વિશિષ્ટ અભ્યાસક્રમો પ્રદાન કરશે*

*~ ચાર થી છ અઠવાડિયાના સમયગાળા માટે રચાયેલ સિંક્રોનસ અને અસિંક્રોનસ અભ્યાસક્રમોની વિશાળ શ્રેણી*

**15 માર્ચ, 2023:** અગ્રણી વૈશ્વિક વ્યવસ્થાપન સંસ્થા, ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ), એક ઑનલાઇન@આઈઆઈએમએ (https://online.iima.ac.in/) - એક એકીકૃત પોર્ટલ શરૂ કરવાની જાહેરાત કરી છે જે આઈઆઈએમએ દ્વારા તમામ વર્તમાન અને નવા ઑનલાઇન પાઠ્યક્રમની સુવિધા માટેના એકલ પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે. સંસ્થાન આ પોર્ટલ દ્વારા વ્યાવસાયિકોને ભવિષ્ય માટે તૈયાર કરવા અને સમગ્ર વ્યવસાય પરિદૃશ્યમાં થઈ રહેલા ઝડપી ફેરફારો માટે વધુ સારી રીતે સજ્જ કરવામાં મદદ કરવા માટે અનેક નવીન ઑનલાઇન પ્રમાણપત્ર અભ્યાસક્રમો રજૂ કરી રહ્યું છે. વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો હવે આ પોર્ટલ દ્વારા સમગ્ર વિશ્વના કોઈ પણ ખૂણેથી સમાન ઉચ્ચ-ગુણવત્તાવાળું આઈઆઈએમએનું શિક્ષણ મેળવી શકે છે.

ઑનલાઇન@આઈઆઈએમએની કેટલીક મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:

- તે ઉચ્ચ કૌશલ્ય-વર્ધન કરવા અને સ્તર વધારવા માટે સઘન અને ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણનો અનુભવ લેવા ઈચ્છતા ઉમેદવારો માટે પ્રથમ સંપર્કસૂત્ર તરીકે સેવા આપશે.
- શીખનારાઓ પાસે સિંક્રોનસ અથવા લાઇવ પાઠ્યક્રમોની વિશાળ શ્રેણી અને એસિંક્રોનસ અથવા સ્વ-ગતિક પાઠ્યક્રમો વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ રહેશે, જે તેમની શીખવાની જરૂરિયાતોને અનુરૂપ અનુકૂલિત કરેલ છે.
- આ કોર્સ મોડ્યુલ્સમાં વિશ્વસ્તરના ફેકલ્ટી સભ્યો દ્વારા પારસ્પરિક સંવાદાત્મક શિક્ષણશાસ્ત્ર રજૂ કરવામાં આવે છે
- તેમાં અર્થશાસ્ત્ર, માનવ સંસાધન, માહિતી પ્રણાલી, નેતૃત્વ, વિત્ત તથા લેખાકરણ અને ડેટા સાયન્સમાં અભ્યાસક્રમોની વિશાળ શ્રેણીની પ્રસ્તુતિ કરવામાં આવેલ છે
- ચારથી છ અઠવાડિયાના સમયગાળા માટે રચાયેલ, અભ્યાસક્રમના આ મોડ્યુલને વાસ્તવિક-વિશ્વના વ્યવસાયિક પડકારોમાં શીખનારાઓને તાલીમ આપવા માટે કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યા છે

- આ અભ્યાસક્રમો લોકપ્રિય ઓનલાઇન એજ્યુકેશન પ્લેટફોર્મ - *સ્વયમ* અને *કોર્સેરા* પર પણ ઉપલબ્ધ છે

આઈઆઈએમએ ભવિષ્યમાં 'લર્નિંગ પાથ' મોડ્યુલ પણ રજૂ કરશે, જેનો હેતુ વિદ્યાર્થીઓને ચોક્કસ શિક્ષણ-વિષયમાં આગળ વધવા અથવા કૌશલ-વર્ધન કરવા માટે માર્ગદર્શન આપવાનો છે. આ 'પાથ' ફેકલ્ટી સભ્યોની મદદ અને માર્ગદર્શનથી તૈયાર કરવામાં આવશે અને દરેક ઉમેદવાર માટે અનુકૂલિત કરવામાં આવશે.

પોર્ટલના શુભારંભની જાહેરાત કરતાં, **આઈઆઈએમએના નિદેશક, પ્રોફેસર ભારત ભાસ્કરે** જણાવ્યું હતું કે, "ઑનલાઇન@આઈઆઈએમએ એ અમારી સફરમાં આગળનું એક મહત્ત્વનું પગલું છે, જે અમારી ફેકલ્ટીની કુશળતાને વિશ્વભરના ઉમેદવારોના વિશાળ સમૂહ સુધી પહોંચાડે છે. આનાથી ઉપલબ્ધ પ્રતિભા સમૂહનો ઝડપી વિકાસ થશે એટલું જ નહીં પરંતુ ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણમાં રહેલા ભૌગોલિક અવરોધો પણ દૂર થશે. અમારા પ્રયત્નોને વધુ વિસ્તૃત કરવા અને અમારી પહોંચ વધારવા માટે, અમે *સ્વયમ* અને *કોર્સેરા* પર પણ આ અભ્યાસક્રમો રજૂ કરી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે ઓનલાઈન@આઈઆઈએમએ પર આવનાર પ્રતિભાગીઓને હૂબહૂ એ જ પરિવર્તનશીલ શિક્ષણનો અનુભવ પ્રદાન કરશે જેના માટે આઈઆઈએમએ જાણીતું છે."

આઈઆઈએમએમાં આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહેલ **આઈઆઈએમએના ડીન (કાર્યક્રમ) પ્રોફેસર પ્રદ્યુમ્ન ખોકલેએ** જણાવ્યું હતું કે, "લગભગ 15 વર્ષથી આઈઆઈએમએમાં ઓનલાઈન અભ્યાસક્રમ અમારી રજૂઆતનો જ એક ભાગ છે. વર્ષોથી, અમે શીખવાની જરૂરિયાતોનો ક્રમિક વિકાસ જોયો છે - તે વિકસિત થઈ છે અને વધુ જટિલ બની છે, સાથે સાથે અત્યંત વિશિષ્ટ પણ બની છે. ઓનલાઈન@આઈઆઈએમએ એ અમારી આ રજૂઆતોની વિવિધતાને વધુ વિસ્તૃત કરવાનો અને અમારા શિક્ષાર્થીઓને સરળ પહોંચની સુવિધા આપવા માટે અમારા તમામ ઑનલાઇન અભ્યાસક્રમોને એક જગ્યાએ લાવવાનો પ્રયાસ છે. અમે આશા રાખીએ છીએ કે આ એકલ પ્રવેશદ્વાર-સિંગલ ગેટવે ઇચ્છુક ઉમેદવારોને અમારા તમામ જ્ઞાનભંડારને એક જ જગ્યાએ સરળતાથી મેળવવામાં મદદ કરશે અને શીખવાનો આનંદદાયક અનુભવ પ્રદાન કરશે."

આઇઆઇએમએ ભારતમાં શિક્ષણના હાઇબ્રિડ મોડલને રજૂ કરવામાં અગ્રેસર રહ્યું છે. ઓનલાઈન@આઈઆઈએમએને પ્રસ્તુત કરવાની સાથે, સંસ્થાએ આઈઆઈએમએમાંથી વિશેષતાના અભ્યાસક્રમો લેવા ઈચ્છતા દરેકને ગુણવત્તાયુક્ત પ્રબંધન શિક્ષણ આપવાના

પ્રયત્નોને આગળ વધાર્યા છે. અભ્યાસક્રમો ઉપરાંત, ઑનલાઇન@આઈઆઈએમએ સહભાગીઓ અને ફેકલ્ટી સભ્યો વચ્ચે વધુ ક્રિયાપ્રતિક્રિયા કરવા અને સહકર્મી શિક્ષણને વધારવા માટે ફોરમ અને ઑનલાઇન શિક્ષણ સમુદાય પણ ઊભા કરશે.

**આઇઆઇએમ અમદાવાદ વિશે:**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અમદાવાદ (આઇઆઇએમએ) એ એક અગ્રણી, વૈશ્વિક મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ છે જે મેનેજમેન્ટ શિક્ષણમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવામાં મોખરે છે. તેના અસ્તિત્વના 60 વર્ષોમાં, તે તેના વિશિષ્ટ શિક્ષણ, ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન, ભાવિ નેતાઓનું ઉછેર, ઉદ્યોગ, સરકાર, સામાજિક સાહસને સહાયક અને સમાજ પર પ્રગતિશીલ અસર બનાવવા દ્વારા વિદ્વત્તા, પ્રેક્ટિસ અને નીતિમાં અનુકરણીય યોગદાન માટે માન્ય કરવામાં આવ્યો છે.

આઇઆઇએમ ની સ્થાપના 1961 માં સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો દ્વારા નવીન પહેલ તરીકે કરવામાં આવી હતી. ત્યારથી તે તેના વૈશ્વિક પદચિહ્નને મજબૂત કરી રહ્યું છે અને આજે 80 થી વધુ ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું નેટવર્ક અને દુબઈમાં હાજરી ધરાવે છે. તેના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો અને જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભાવશાળી હોદ્દાઓ ધરાવતા 40,000 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ તેની વૈશ્વિક ઓળખમાં ફાળો આપે છે.

વર્ષોથી, આઇઆઇએમ ના શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ, બજાર સંચાલિત અને સામાજિક રીતે પ્રભાવશાળી કાર્યક્રમોએ વૈશ્વિક સ્તરે ઉચ્ચ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવી છે. EQUIS તરફથી આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય સંસ્થા બની. પ્રસિદ્ધ બે વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ (પીજીપી) એ FT માસ્ટર ઇન મેનેજમેન્ટ રેન્કિંગ્સ 2021 માં 26મું સ્થાન મેળવ્યું છે અને એક વર્ષીય પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ ફોર એક્ઝિક્યુટિવ્સ (પીજીપીએક્સ) ને FT ગ્લોબલ એમબીએ રેન્કિંગ્સ 2023 માં 51 સ્થાન આપવામાં આવ્યું છે.  આ સંસ્થાને ભારત સરકારના નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ ), ઈન્ડિયા રેન્કિંગ્સ 2022 માં પણ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આઇઆઇએમ બિઝનેસ લીડર્સ, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ, સશસ્ત્ર દળોના કર્મચારીઓ, કૃષિ-વ્યવસાય અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકોની વિવિધ શ્રેણીને કસ્ટમાઇઝ્ડ, મિશ્રિત અને ઓપન

એનરોલમેન્ટ ફોર્મેટમાં કન્સલ્ટન્સી સેવાઓ પ્રદાન કરે છે અને 200 થી વધુ ક્યુરેટેડ એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામ્સ ઑફર કરે છે.

આઇઆઇએમ વિશે વધુ જાણવા માટે કૃપા કરીને https://www.આઈઆઈએમએ.ac.in/ ની મુલાકાત લો.


**<u>મીડિયા પ્રશ્નો માટે, કૃપા કરીને સંપર્ક કરો --</u>**

**કમલા ચૌધરી સંચાર કેંદ્ર, આઈઆઈએમએ**

સોફિયા ક્રિસ્ટીના | gm-comm@iima.ac.in

સુનીતા અરવિંદ | pr@iima.ac.in | +91 84509 00643

**આર્કીટાઇપ**

સમીક્ષા જેટલી | sameeskha.jaitly@archetype.co | +91 95609 74373